કેનરા બૈંક Canara Bank — A Govt. of India Undertaking

સિંડિકેટ Syndicate

એઆરએમ બ્રાંચ-૨,મુંબઈ: ૩જા માળે,કેનેરા બેંક બિલ્ડીંગ ,અદી મર્ઝબાન સ્ટ્રીટ,મુંબઈ-૪૦૦૦૦૧
ટે.નં. ૮૬૫૯૪૦૧૯ **ઈમેલ :** cb6289@canarabank.com

વેચાણ નોટીસ

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (એકટ) સાથે વંચાણે લેતા સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ,૨૦૦૨ (રૂલ્સ) ના રૂલ ૮(૬) અંતર્ગત સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-ઓકશન નોટીસ

આથી જાહેર જનતાને અને ખાસ કરીને નીચે જણાવેલા દેવાદાર (રો) અને જામીનદાર (રો) જેમની નીચેવર્ણવાવેલ સ્થાવર મિલકત જેનો સલામત ધિરાણકર્તા કેનેરા બેંક ના **અધિકૃત અધિકારી એકબજો** લીધેલ છે,જેનું વેચાણ **૧૫-૦૨-૨૦૨૫**ના રોજ **'જેમ છે જ્યાં છે' અને જે છે' અને 'જે છે તે છે' અને 'ગમે ત્યાં હોય'** ના ધોરણે બાકી લેણી રકમ **રૂ.૬,૨૭,૦૭,૭૪૫.૬૦ (તા.૩૧.૧૨.૨૦૨૪**ના રોજવત્તા **૦૧.૦૧.૨૦૨૫**)થી ભવિષ્યના વ્યાજ અને ખર્ચ સાથેની કેનેરા બેંક એઆરએમ બ્રાંચ-રના દેવાદાર મે.હર્ષિકા પ્રિન્ટસ રજિ. સરનામુ ઓફિસ નં.૨૧, ત્રીજા માળે, પ્લોટ નં.૯૫/એ, ઘનજી મૂળજી બિલ્ડીંગ, હનુમાન લેનના છેડે, કાલબાદેવી, મુંબઈ-૪૦૦૦૦૨ પાસેથી વસુલાત માટે કરવામાં આવનાર છે.

અ. નં.	મિલકત(તો)ની વિગત	અનામત કિંમત (રૂ.પે.)	અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી)
1.	ગિરો મિલકત દુકાન નં. ૧૦૬, ૧૦૭ લોઅર ગ્રાઉન્ડ ફ્લોર, જય રાધે માર્કેટ, ગોળવાળા માર્કેટની સામે, રીંગ રોડ સુરત, ગુજરાત-૩૯૫૦૦૨ શ્રીમતી મધુ લાવચંદ તવારીની માલિકીવાળી. ક્ષેત્રફળ ૩૨૦ ચો.ફૂટ (૨૯.૭૨ ચો.મી.)	28,02,000/-	2,80,200/-
2.	ગિરોમિકલ્ત દુકાન નં.૧૦૮, ૧૦૯, ૧૧૦ લોઅર ગ્રાઉન્ડ ફ્લોર, જય રાધે માર્કેટ, ગોળવાળા માર્કેટની સામે, રીંગ રોડ સુરત, ગુજરાત-૩૯૫૦૦૨ શ્રીમતી મધુ લાવચંદ તવારીની માલિકીવાળી. ક્ષેત્રફળ ૪૮૦ ચો.ફૂટ (૪૪.૫૯ ચો.મી.)	42,04,000/-	4,20,400/-

અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ તા. ૧૩/૦૨/૨૦૨૫ના રોજ સાંજે ૫.૦૦ કલાક સુધીમાં જમા કરાવવાની રહેશે. ઈએમડી અને અન્ય દસ્તાવેજો સર્વિસ પ્રોવાઈડર ને **તા.૧૩.૦૨.૨૦૨૫** ના રોજ **સાંજે ૫.૦૦ કલાક** સુધીમાં જમા કરાવવાના રહેશે. બેંકમાં દસ્તાવેજો જમા કરાવવાની તારીખ અને સમય **૧૩.૦૨.૨૦૨૫** ના રોજ **સાંજે ૫.૦૦ કલાક** સુધી રહેશે. વેચાણની શરતો અને નિયમોની વધુ વિગતવાર જાણકારી માટે ઈ-ઓકશન લિંક જે કેનેરા બેંકની વેબસાઈટ ઉપર આપવામાં આવી છે તેની મુલાકાત લેવી www.canarabank.com અથવા કેનેરા બેંક એઆરએમ ૨ બ્રાંચ મુંબઈના આસિસ્ટન્ટ જનરલ મેનેજર શ્રીમતી શ્રીદેવી નાયર નો (મો.નં. ૮૬૫૯૪૮૦૫૪) ઉપર અથવા ઓફિસર શ્રી કુંદન કુમારનો (મો.નં. ૮૮૨૫૩૧૩૪૩) ઉપર અથવા ઈમેલ આઈડી : cb6289@canarabank.com ઉપર સંપર્ક કામકાજના દિવસોમાં કામકાજના સમય દરમિયાન કરવો અથવા અમારા સર્વિસ પ્રોવાઈડર BAANKNET (મે. પીએસઇબી એલાયન્સ પ્રા.લિ.) (સંપર્ક નં.૭૦૪૬૬૧૨૩૨૫/૬૩૫૪૯૧૦૫૭/૮૨૯૧૨૨૦૨૨૦/ ૯૮૯૨૨૧૯૮૪૮/૮૧૬૦૨૦૫૦૫૧, ઈ-મેલ : (support.BAANKNET@procure247.com ઉપર સંપર્ક કરવો.)

તારીખ :૦૮.૦૧.૨૦૨૫ — **સહી/- અધિકૃત અધિકારી**
સ્થળ : મુંબઈ — **કેનેરા બેંક**

છેલ્લા પાનાનું શેષ

અમેરેલીમાં ભાજપના...

વિભાગોની યોજનાકીય કામગીરી, બાકી રહેતા કામોમાં ઝડપ લાવીને પૂરા કરાવવા અંગે પણ મુખ્યમંત્રીએ સૂચના દરેક મંત્રીઓને આપી હતી. તેમણે મહારનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા, તાલુકા કે ગ્રામ પંચાયતોની બાકી રહેલી ચૂંટણીઓ માટે સર્વથા તૈયાર રહેવાની ખાસ તાકીદ કરી હતી.

જાણવા મળ્યા મુજબ, મંત્રીમંડળની બેઠકમાં મુખ્યમંત્રીએ, અમેરેલીની ઘટનામાં પાટીદાર દીકરી સાથે પોલીસનું વર્તન અને સમાજમાં તેની પડી રહેલા નકારાત્મક પડઘા અંગે ખાસ ચર્ચા કરી હતી. તે વખતે ગૃહ વિભાગ તરફથી વિગતો સાથે મુખ્યમંત્રી સમક્ષ પોલીસની કામગીરી અંગે સ્પષ્ટતાઓ કરી હતી. જોકે, તેનાથી મુખ્યમંત્રીની નારાજગી ઓછી થઈ ન હતી અને આ તબક્કે મુખ્યમંત્રીએ એવા સંદર્ભનું કથન કર્યું હતું કે, આવા બનાવોથી પક્ષ અને સરકારની છબી ખરડાય છે. હવે આવું ન બને તે માટે ખાસ તકેદારી રાખવી આવશ્યક છે.

આ બેઠકમાં મુખ્યમંત્રીએ તમામ મંત્રીઓને પોત-પોતાના વિભાગો હેઠળની કચેરીઓની આકસ્મિક મુલાકાત લેવાની તાકીદ કરી હતી અને દરેક મંત્રીઓને તેમના વિભાગની બજેટીય યોજનાઓના ઝડપી અમલ-બાકી રહેતી કામગીરી, બાકી રહેતી યોજનાઓને ઝડપથી પૂરી કરવાની અને બજેટમાં કરાયેલી વિભાગીય જોગવાઈઓ મુજબના ખર્ચ બાબતે પણ સૂચના આપી હતી. તાજેતરમાં મુખ્યમંત્રીએ ગાંધીનગર એસટી ડેપોની જે રીતે આકસ્મિક મુલાકાત લીધી હતી. તેવી જ રીતે દરકે મંત્રીઓએ પણ પોતાના વિભાગ હેઠળની કચેરીઓની આકસ્મિક મુલાકાતો લઈને અધિકારીઓ-કર્મચારીઓમાં ધાક બેસે અને તેઓ પોતાની ફરજ હેઠળના કામો પ્રત્યે ફરજરત થાય તેવી પણ સૂચના આપી હતી. અમરેલીમાં બનાવટી લેટરકાંડના મામલે એક પાટીદાર દીકરીની કથિત સંડોવણી અને નિયમની વિરુધ્ધ જઈ પોલીસ દ્વારા રાતના સમયે આ દીકરની પૂછપરછ કરાઈ હતી. જેમાં કોંગ્રેસના સ્થાનિક અગ્રણીઓએ મુખ્યમંત્રીને પત્ર લખીને સરકાર કે તંત્ર સામે બાંયો ચઢાવી છે ત્યારે સરકાર ચોંકી ઉઠી છે. આ બાબતનો પડઘો મંત્રીમંડળની બેઠકમાં પણ મુખ્યમંત્રીના નારાજગી રુપે પડ્યો હતો. હવે આગામી સમયમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ આવી રહી છે ત્યારે મુખ્યમંત્રીએ દરેક મંત્રીઓને ફિલ્ડ વર્ક કરવાની તાકીદ કરી હતી. વિભાગીય કચેરીઓની આકસ્મિક મુલાકાતો લઈને તેમાં જો કોઈ ગેરરીતિ માલુમ પડે તો તેમની સામે પગલાં ભરવાની અને મંત્રીના વિભાગોની કામગીરીનું ફીડબેક મેળવવાની પણ મુખ્યમંત્રીએ દરેક મંત્રીઓને સૂચના આપી હતી.

અમેરેલી ભાજપના ગજગ્રાહમાં...

કોઈ મેડિકલ ચેકઅપ નહીં કરાવે તેવી જાહેરાત કરી હતી. SITની ટીમ ગઈકાલે મોડીસાંજે પાયલ ગોટીને મેડિકલ ચેકઅપ માટે લઈ જતાં કોંગેસનેતા પરેશ ધાનાણી આવી પહોંચ્યા હતા અને મોડે સુધી હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો. આજે ચાર વાગ્યાના અરસામાં પાયલ ગોટી એસપી ઓફિસ પહોંચી હતી, જેની સાથે વકીલ સહિત જેનીબેન ઠુમ્મર પણ હાજર હતા. જિલ્લા પોલીસવડાની કચેરીમાં નિવેદન નોંધ્યા બાદ ચેકઅપ કરવાની ના પાડી દીધી હતી. જ્યારે પરેશ ધાનાણીએ અમરેલીના આજે રાજકમલચોકમાં 'ચર્ચાનો ચોરો' અને આવતીકાલથી 'નારી સ્વાભિમાન આંદોલન'નાં પોસ્ટરો શેર કર્યાં હતા. હાઈકોર્ટના સિનિયર એડવોકેટ આનંદ યાજ્ઞિકે અમરેલીના પોલીસ અધિક્ષક સંજય ખરાટ સામે આરોપ લગાવ્યા હતા. આરોપીઓને માર્યા ત્યારે પોલીસ અધિક્ષક માથે ઉભા હતા. પાયલ ગોટી સહિતના આરોપીઓને ઉભા રાખી મરજી વિરુદ્ધ ફોટા પડાવ્યા હતા. SIT ટીમના અધિકારીઓ જ સંડોવાયેલા હોવાથી એટલે SITનો સ્વીકાર કરતા નથી. આજે અમે રજૂઆત કરવા ગયા ત્યારે પણ પોલીસ ગોઠવી દેવામાં આવી હતી. પાયલ ગોટીના ઘરની બહાર પોલીસ બંદોબસ્ત મુકવામાં આવ્યો હતો. અમરેલી પોલીસ હવે પાયલના ઘર બહાર પોલીસ ગોઠવી હવે કેવું પોલીસ રક્ષણ આપવા માંગે છે? અમારે પોલીસ રક્ષણની જરૂર નથી. ગામમાં અને ઘરની બહાર પોલીસ ગોઠવવામાં આવી હોવાથી મુશ્કેલી પડી રહી છે. સાયબર સેલ, SOG, DCB અને અમરેલી પોલીસના દરેક કર્મીઓ અને અધિકારીઓએ દીકરીને મારી છે અને મારનાર પોલીસ અધિકારીઓને રક્ષણ પૂરું પડતા હતા. IG કક્ષાના અધિકારીને તપાસ સોંપવામાં આવે તેવી માંગ છે. DGને આગામી દિવસોમાં અમે રૂબરૂ મળી રજૂઆત કરીશું અને પોલીસ ફરિયાદ કરીશું.

આવતા બે દિવસમાં અમે હાઈકોર્ટમાં સબસ્ટેન્સીસ પિટિશન દાખલ કરવા જઈ રહ્યા છીએ. માનહાની થઈ હોવાથી તે પણ અરજી કરીશું. પોલીસ અધિક્ષક પોતે જ આમાં શંકામાં છે તો તેના જ SITના DYSP કક્ષાના અધિકારીની હાજરીમાં મેડિકલ ચેકઅપ કરવા માંગે છે.

પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે સત્ય પર પડદો પાડવા માટે થઈને રાતના અંધારામાં મેડિકલ ચેકઅપના બહાને લઈ જવાનો પ્રયાસ કર્યો હતો. ગમે એટલો પ્રયાસ કરશો રાતના અંધારામાં તમે સત્યની પર પડદો નહીં પાડી શકો. તમારે દિવસના અજવાળામાં પાયલના વકીલ અને પરિવારજનોની હાજરીમાં જે કાંઈ કાયદાકીય પ્રક્રિયા કરવાની થતી હોય એ કરવી જોઈએ.

સુરત ચેમ્બર્સનું...

શકાય છે. સોના-ચાંદીના તારના ઉપયોગથી ખ્યોર સિલ્ક અને સેમી સિલ્કનું કપડું બનાવી શકાય છે. શટલ લુમ વીથ સેવન શટલ ૪ બાય ૪ મશીનરી હાલ દક્ષિણ ભારત તથા બનારસ ખાતે જ ઉપલબ્ધ છે. સુરતમાં પ્રથમ વખત આ મશીનરીને સીટિક્ષ એક્ઝિબિશનમાં પ્રદર્શિત કરવામાં આવશે અને ત્યારબાદ સુરતના વિવર્સ આ મશીનરીના ઉપયોગથી વેલ્યુ એડેડ ફેબ્રિક બનાવી શકશે. આ એક્ઝિબિશન માટે સુરત સહિત સમગ્ર દેશમાંથી વિઝિટર રજિસ્ટર થયા છે. જેમાં કેટલાક વિઝિટર વિદેશથી પણ આવવાના છે. આ એક્ઝિબિશનનું ઓપનિંગ કેન્દ્રીય જલશક્તિ મંત્રી સી આર પાટીલ દ્વારા કરવામાં આવનાર છે. ચેમ્બર પ્રમુખ વિજય મેવાવાલાએ વધુમાં જણાવ્યું હતું કે, આ એક્ઝિબિશનથી ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીને બુસ્ટ મળવાની સાથે એક્સપોર્ટ ક્વોલીટી તૈયાર કરવા માટે જે મશીનરીની જરૂર છે એ તમામ મશીનરી એક છત નીચે મુકવામાં આવી છે. આ એક્ઝિબિશનમાં મશીનરી હોવાને કારણે બાળકોના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

જરૂરિયાતમંદ, વૃદ્ધો...

હોસ્પિટલમાં બાળકો માટે તૈયાર થયેલા ટોયઝ રૂમનું ઉદઘાટન કરીને તે અનોખા પ્રોજેક્ટને લોન્ચ કર્યો હતો. આ ઉપરાંત હર્ષ સંઘવીએ ૪૦૦ જેટલા દર્દીઓ સાથે ભોજન લઈને મેડિકલ કીટનું વિતરણ કર્યું હતું.

આ ઉપરાંત હર્ષ સંઘવીના જન્મદિન નિમિત્તે સુરતના વિવિધ વૃદ્ધાશ્રમોમાં વડીલોને નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ અને દવા વિતરણ, આંગણવાડીના બાળકોને સ્કૂલ બેગ વિતરણ, ટ્રાફિક કર્મીઓને જ્યુસ વિતરણ,વાહન ચાલકોને પતંગની દોરીથી બચાવવા સેફ્ટી ગાર્ડ, અઠવા લાઈન્સ વિસ્તારમાં મેગા બ્લડ ડોનેશન કેમ્પ તેમજ વૃક્ષારોપણ અને હેલ્મેટ વિતરણ જેવા અનેક કાર્યક્રમો યોજાયા હતા. આ સાથે ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સુરતના ભેસ્તાન...

તેમજ બીમારીની સારવારની જાણકારી વગર એલોપેથિક દવા આપી બીમાર દર્દીઓની સારવાર કરતા હોવાનું સામે આવ્યું હતું. રેઈડ દરમ્યાન તમામ ક્લિનીકોમાંથી પોલીસે દવા તથા મેડીકલનો રૂપિયા 1,04,864નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પકડાયેલા તમામ બોગસ તબીબો સામે ભારતીય ન્યાય સહિતા 2023 ની કલમ 125 તથા ગુજરાત મેડીકલ પ્રેકટીશનર એકટ કલમ 30 મુજબનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વેસુમાં કારચાલકે બાઈકને...

કાપડના કારખાનામાં ઓપરેટર તરીકે કામ કરી પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા છે. રવિવાર ના રોજ તેમના સાઢું બાબુ અન્સારી એમના દીકરા અને સહેજાદ (ઉ.વ.14) ને લઈ ડુમસ ફરવા ગયા હતા. જયાથી પરત ફરતી વખતે VR મોલ નજીક એક કાર ના ચાલકે બાઈક સવાર ત્રણેયને અડફેટે લઈ ભાગી ગયો હતો. ઈજાગ્રસ્ત ત્રણેય પૈકી સહેજાદનું મંગળવારના રોજ સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. સહેજાદ બે બહેનો નો એક નો એક ભાઈ અને પિતાનો એક નો એક લાડકો દીકરો હતો.

બાબુભાઈ (સાઢુ ભાઈ) એ જણાવ્યું હતું કે VR મોલ નજીક સિગ્નલ પર ઉભા રહ્યા હતા. ત્યારે ટ્રાંફિક પોલીસે સાઈડ ઉપર લેવાનું કહેતા તેઓ પોતાના દીકરા અને ભાણીયા ને ઉતરવાનું કહી બાઈક લઈ થોડા આગળ ગયા હતા. ત્યારે જ એક કાર ના ચાલકે બાઈકને અડફેટે લઈ ભાગી ગયો હતો. ઈજાગ્રસ્ત ભાણીયા ને વધારે ઈજા થતાં તાત્કાલિક સારવાર માટે ખાનગીમાં દાખલ કરાયો હતો. જ્યાં મગજ અને પાસળી ની ઈજાને લઈ સહેજાદ નું મંગળવારના રોજ મોત નીપજ્યું હતું.

સુરત શિક્ષણાધિકારીએ...

શાળાઓ દ્વારા કરવામાં આવેલી ફરિયાદ, અને હિયરીંગ બાદ એક સાથે 100 કરતા વધારે વિદ્યાર્થીઓના પ્રવેશ રદ કર્યા છે. અને આગામી દિવસોમાં વધુ પ્રવેશો રદ કરવાની દિશામાં કાર્યવાહી આગળ ધપાવી છે. સુરત જિલ્લા શિક્ષણાધિકારીનાં આધારભૂત સુત્રો પાસેથી પ્રાપ્ત માહિતી મુજબ સુરત શહેરની કેટલીક જાણીતી શાળાનાં સંચાલકોએ ડી.ઈ.ઓ સમક્ષ નબળા અને વંચિતજૂથના બાળકોને મફત શિક્ષણ માટે અમલમાં મુકવામાં આવેલી આર.ટી.ઇ યોજનામાં વાલીઓએ ખોટા પુરાવા રજુ કરીને કે પછી જે સમયે વાલીઓએ બાળકનું એડમીશન મેળવ્યું હતુ, તેના કરતા હાલમાં આવક વધી હોવાના સજ્જડ પુરાવા રજુ કર્યા હતા. જેના આધારે ડી.ઈ.ઓ દ્વારા વાલીઓ અને સંચાલકોને રૂબરુ હિયરીંગ યોજવામાં આવી હતી અને ત્યારબાદ બાળકના આર.ટી.ઇ પ્રવેશની યોગ્યતા પુરવાર કરવામાં નિષ્ફળ રહ્યા હોય તેવા પ્રવેશો રદ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતુ. જે પૈકી હાલમાં સુરતના 100 કરતા વધારે એડમીશન રદ કરી દેવામાં આવ્યા છે અને આગામી દિવસોમાં આશરે 500 જેટલા બોગસ એડમીશન રદ કરવામાં આવે તેવી શકયતા જોવા મળી છે. સાથે જ શહેરની વિવિધ શાળાઓ દ્વારા કરવામાં આવેલી લેખીત ફરિયાદનાં આધારે 5 હજારથી વધુ એડમિશનમાં જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા હિયરીંગ કરવામાં આવે તેમ છે. વધુમાં જોવા જઈએ તો શાળા સંચાલકો તરફથી કરવામાં આવેલી ફરિયાદમાં 1 લાખ 20 હજારની આસપાસની વાર્ષિક આવક દર્શાવનારા વાલીઓનાં પોતાના પાકા મકાન, ઘરમાં એ.સી, ફોરવ્હીલ, આધુનિક સુવિધાઓ અને કેટલાક વાલીઓ વિદેશ પ્રવાસ કે પછી ઈમ્પોર્ટ-એક્ષપોર્ટનો વેપાર કરતા હોવા છતા વિદ્યાર્થીઓને આર.ટી.ઈમાં પ્રવેશ અપાવ્યા હતા. જે વિદ્યાર્થીઓએ હવે શાળાનો પ્રવેશ રદ થતા તેમણે આગામી વર્ષથી અન્ય શાળામાં પ્રવેશ મેળવવો જરૂરી બનશે.

રાજ્યમાં ભાજપના...

યાદવાસ્થળી 4 જાન્યુઆરી, 2024ના રોજ સેન્સપ્રક્રિયામાં પણ જોવા મળી હતી. આ સેન્સપ્રક્રિયા દરમિયાન વડોદરા શહેર ભાજપના ઉપપ્રમુખ અને પૂર્વ કોર્પોરેટર વચ્ચે આક્ષેપ-પ્રતિઆક્ષેપો થતાં કાર્યાલય પર સોપો પડી ગયો હતો. પૂર્વ કોર્પોરેટર ગોપી તલાટીએ મહિલાઓનું અપમાન થાય એવું નિવેદન કર્યાનો સુનિતા શુક્લાએ આક્ષેપ કર્યો હતો. જ્યારે પૂર્વ કોર્પોરેટરે ગોપી તલાટીએ બચાવમાં કહ્યું હતું કે મારી દાવેદારીને નબળી પાડવા માટે ખોટા આક્ષેપો કરાઈ રહ્યા છે. વડોદરા શહેર ભાજપ-અધ્યક્ષ માટે મુખ્ય દાવેદાર તરીકે વર્તમાન શહેર પ્રમુખ ડોક્ટર વિજય શાહ, પૂર્વ મેયર અને પૂર્વ મહામંત્રી સુનીલ સોલંકી, જિગર ઈનામદાર, કૃણાલ પટેલ સહિત પૂર્વ મેયર જિગીષા શેઠ સહિત 44 લોકોએ દાવેદારી નોંધાવી હતી. ત્યારે આ તમામ ચહેરાઓમાંથી કોઈને પ્રમુખ બનાવવામાં આવે છે કે પછી અન્ય કોઈ ચહેરાને પ્રદેશમાંથી પસંદગી કરવામાં આવે છે એ આવનારો સમય જ બતાવશે, જોકે જૂથવાદે સૌકોઈનું ધ્યાન ખેંચ્યું હતું. સુરત જિલ્લાના વિવાદ અંગે વાત કરીએ તો કુલ 17 ઉમેદવારે પ્રમુખપદ માટે ઉમેદવારી ફોર્મ ભર્યું હતું ત્યારે પ્રમુખપદ માટે હાથ ધરવામાં આવેલી પ્રક્રિયા સામે ભાજપના જ આગેવાને નારાજગી વ્યક્ત કરી હતી. સુરત જિલ્લા ભાજપના SC મોરચાના પ્રમુખ રાજેશ કટારિયાએ પણ સુરત જિલ્લા ભાજપ પ્રમુખપદ માટે ઉમેદવારી ફોર્મ ભર્યું હતું, પરંતુ તેમનું ઉમેદવારી ફોર્મ કારણ વગર જ રદ કરી દેવામાં આવ્યું હોવાનું જણાવી રોષ વ્યક્ત કર્યો હતો. અમદાવાદમાં શહેર ભાજપપ્રમુખ તરીકે દાવેદારીમાં સૌથી વધુ ચર્ચા પ્રદેશ યુવા મોરચાના પૂર્વ યુવા પ્રમુખ અને પ્રદેશના સહપ્રવક્તા ડો. ઋત્વિજ પટેલનું નામ ચાલી રહ્યું છે. ગાંધીનગર લોકસભામાં ઘાટલોડિયા વોર્ડમાંથી આવતા ઋત્વિજ પટેલની યુવા કાર્યકર્તાઓમાં અને સંગઠનમાં સારી પકડ છે. યુવા મોરચાના પ્રમુખ તરીકે તેમની સારી કામગીરી હોવાના પગલે તેમને પ્રમુખપદ આપવામાં આવી શકે છે. સરસપુર રખિયાલ વોર્ડના કોર્પોરેટર અને મ્યુનિસિપલ કોર્પોરેશનના શાસક પક્ષના નેતા રહી ચૂકેલા ભાસ્કર ભટ્ટ પણ શહેર પ્રમુખની દાવેદારીમાં આગળ છે. સંગઠનમાં કામગીરી કરી હોવાના કારણે તેઓ પણ દાવેદાર છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટેન્ડિંગ કમિટીના પૂર્વ ચેરમેન અને થલતેજ વોર્ડના કોર્પોરેટર હિતેશ બારોટે પણ પ્રમુખપદ માટે પોતાની દાવેદારી નોંધાવી હતી. જ્યારે રાજકોટ શહેર ભાજપ-પ્રમુખ માટે દાવેદારો દ્વારા ફોર્મ ભરવામાં આવ્યાં હતાં, જેમાં વર્તમાન પ્રમુખ મુકેશ દોશી ઉપરાંત મહામંત્રી અને પૂર્વ ડેપ્યુટી મેયર અશ્વિન મોલિયા, પૂર્વ મેયર ડો. જૈમન ઉપાધ્યાય, પૂર્વ મેયર બીનાબેન આચાર્ય, પૂર્વ મેયર રક્ષાબેન બોળિયા, પૂર્વ મેયર ડો.પ્રદીપ ડવ, જે. ડી. ડાંગર, નીતિન ભૂત, કશ્યપ શુકલ, શિક્ષણક્ષેત્ર સાથે જોડાયેલા શૈલેષભાઈ જાની, દેવાંગ માંકડ, દિવ્યરાજસિંહ જાડેજા, ધર્મેન્દ્ર મીરાણી, દિનેશ કારિયા, પરેશ ઠાકર, મનીષ રાડિયા, સરદારધામના ઉપપ્રમુખ જેન્તી સરધારા સહિત કુલ 30 જેટલા દાવેદારોએ ફોર્મ ભર્યાં હતાં. જ્યારે સુરત શહેર ભાજપ માટે દાવેદારી નોંધાવનારા ઉમેદવારોમાં ચોર્યાસી વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય ઝંખના પટેલ, પરેશ પટેલ, વિનોદ ગજેરા, મદન સિંહ અટોદરિયા, પૂર્વ મેયર જગદીશ પટેલ, લલિત વેકરિયા, અજય ચોકસી, અશોક ગોહિલ, પૂર્વ શહેર ભાજપ-પ્રમુખ નીતિન ભજિયાંવાલા, આર.કે. લાઠિયા, અરવિંદ ગોયાણી, નીરવ શાહ, અનિલ ગોપલાણી, સમીર બોધરા, મનસુખ સેંજલિયા અને દિનેશ જોધાણી સહિત હસમુખ પટેલ દ્વારા પણ ફોર્મ ભરાયાં હતાં. આ સિવાય ડ્રેનેજ કમિટી ચેરમેન કેયૂર ચપટવાલા, બાબુ જીરાવાલાએ પણ પોતાની દાવેદારી નોંધાવી હતી.

રાજ્યમાં શિયાળાની...

કરીને સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગોમાં ઠંડીનું પ્રમાણ વધી રહ્યું છે. જ્યારે ઉત્તર અને મધ્ય ગુજરાતમાં પણ ઠંડીનું જોર યથાવત્ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી 10થી 14 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવનો ફૂંકાઈ રહ્યા છે. જેને કારણે ઠંડા પવનોથી વધુ માત્રામાં ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

સુરત સરથાણાના...

રજુ કરીને ૧ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા,.નફ્ફટ સ્મિતએ લોકઅપમાં બેઠા બેઠા પોલીસ પાસે મારે શીરો ખાવાની માંગણી કરી હતી. ૧૧ દિવસ અગાઉ સરથાણાના રાજહંસ સ્વપ્નસૃષ્ટી કેમ્પસમાં અવેલા સુર્યા એપાર્ટમેન્ટના ફ્લેટ નંબર ૮૦૪માં સ્મિત લાભુભાઈ જીયાણીએ ઘર કંકાસને કારણે પહેલા પત્ની હિરલ અને માસુમ પુત્ર ચાહિતને ચપ્પુના ઘા મારીને મોતને ઘાટ ઉતારી દીધા બાદ માતા વિલાસબેન અને પિતા લાભુભાઈ પર પણ જીવલેણ હુમલો કર્યો હતો અને ગળા પર ચપ્પુના ઘા માર્યા હતા,.માતા વિલાસબેન ઘરની બહાર દોડી ગયા હતા અને બુમાબુમ કરી મુકતા આજુ બાજુના લોકો દોડી આવ્યા હતા જેમાં માતા પિતાનો બચાવ થયો હતો.આ અરસામાં સ્મિતએ પણ પોતાના ગળામાં અને હાથના ભાગે ચપ્પુના ઘા મારી દીધા હતા.તેને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જ્યાં પણ તેને બાથરૂમમાં જાણે કાચ ગળા પર ફેરવીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. સ્મિતને હોસ્પિટલ માંથી રજા અપાયા બાદ સરથાણા પોલીસે તેની ધરપકડ કરી હતી અને આજે ઘટનાનું પંચનામું કરવા અને આખી ઘટના કાઈ રીતે બની તેનું પુનરાવર્તન કરવા માટે પોલીસ સ્મિતને સાથે રાખીને તેના ઘરે સુર્યા એપાર્ટમેન્ટ ખાતે ગઈ હતી.જ્યાં પોલીસે તેને સાથે રાખ્યો હતો અને તેને કાઈ રીતે આ હત્યા કાંડ કર્યો તેની માહિતી પોલીસને આપી હતી. જોકે તે સમયે પણ સ્મિતએ મગરના આંસુ સાર્યા હતા. પોલીસે જરૂરી કાર્યવાહી કર્યા બાદ સ્મિતને લઈને તેના મેડીકલ ચેક અપ માટે નવી સીવીલ હોસ્પિટલ લઈ આવી હતી અને પછી સરથાણા પોલીસ મથકે પરત લઈ ગઈ હતી.અને આજે કોર્ટમાં રજુ કરીને પોલીસે તેના ત્રણ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી જેમાં કોર્ટ દ્વારા સ્મિતના ૧ દિવસના રિમાન્ડ મંજુર કરવામાં આવ્યા હતા.સ્મિત એટલો નફ્ફટ છે કે તેણે લોક અપમાં બેઠા બેઠા પોલીસનેએમકહ્યુંહતુંકેમારેશીરોખાવોછે.

પશ્ચિમ રેલવે

ઈરાદાપત્રો રજુ કરવાનું નિમંત્રણ

એસીએમએસ/એ/એમએમસીટી તરફથી ઈરાદાપત્ર મંગાવવામાં આવે છે. **EOI No.: MD/173/2025/01/LabEmpDated 07.01.2025 કામ અને સ્થળ : બોરીવલી,ઉધના અને નંદુરબાર ખાતેના હેલ્થ યુનિટો માટે એમ્પલનમેન્ટ ઓફ ડાયગ્નોસ્ટીક સેન્ટરો અને હોસ્પિટલોમાં બિલીંગ સિસ્ટમ સુવિધા માટે સીજીએચએસ દરે ઈરાદાપત્રો (ઈઓઆઈ) મંગાવવામાં આવે છે. કમ્પલીશન સમય :** એલઓઆ જારી થયાના ૨ (બે) વર્ષ. **રજુ કરવાની છેલ્લી તારીખ અને સમય :** ૨૪.૦૧.૨૦૨૫ના રોજ બપોરે ૧૨.૦૦ **ખોલવાની તારીખ અને સમય :** ૨૪.૦૧.૨૦૨૫ના રોજ બપોરે ૧૫.૦૦ કલાકે.વધુ વિગતવાર જાણકારી માટે અમારી વેબ સાઈટની મુલાકાત લેવી : **www.ireps.gov.in** 0944

અમને લાઈક કરો facebook.com/WesternRly

પીપલોદ શાખા, પહેલો માળ, ચાંદની ચોક, રીલાયન્સ ટાઉનશીપ પાસે, પીપલોદ, સુરત-૩૯૫૦૦૭
ઈમેઈલ : piplsu@bankofbaroda.com

બૈંક ઑફ બડૌદા Bank of Baroda

કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)

આથી નીચે સહી કરનારની બેંક ઓફ બરોડા, સુરત ના અધિકૃત અધિકારી હોવાથી સિક્યુરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૨૦૦ ના ૫૪) (અને સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના સેકશન ૧૩ (૨) અને ૧૩ (૧૨) ના નિયમ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ તારીખ ૦૩/૧૦/૨૦૨૪ ના રોજ કરજદાર શ્રી બાદલ વિષ્ણુભાઈ કડિયા(કરજદાર) અને શ્રી જેમીન મનોજભાઈ મજેવડિયા (સહ-કરજદાર) ને ડીમાન્ડ નોટીસ પાઠવી હતી. સદર નોટીસમાં દર્શાવેલી રકમ રૂા.૨૮,૪૮,૧૦૨.૦૦ (રૂપિયા અઠ્ઠાવીસ લાખ અડતાલીસ હજાર એકસો બે પુરા) તા.૨૦/૦૯/૨૦૨૪ ના રોજ સાથે નોટીસમાં જણાવેલ વ્યાજ સહિતની રકમ, સદરહુ નોટીસ મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં પરત ચુકવવા જણાવ્યું હતું.

**કરજદાર સદરહુ રકમ પરત ચુકવવામાં નિષ્ફળ જતા કરજદાર અને જાહેર જનતા ને આ સાથે નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ ર